ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ જિલ્લામાં લમ્પી વાયરસનો પ્રવેશ : પશુપાલન વિભાગની દોડધામ વધી

ઉમરેઠ પંથકમાં લમ્પી વાયરસે દેખા દીધી : પશુપાલકોમાં ફફડાટ ફેલાયો

આણંદ જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા વેક્સીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ, ખેડા મહિસાગર જિલ્લો પશુપાલનમાં અવ્વલ છે. આ સ્થિતિમાં પશુઓમાં થતાં રોગ દેખાય તે સમયે ચિંતાનો માહોલ સર્જાય છે. આણંદ જિલ્લાના ઉમરેઠમાં લમ્પી વાયરસનો કેસ નોંધાયો છે અને આણંદમાં પણ ફરિયાદો મળી છે. આ અંગે પશુપાલન વિભાગ દ્વારા દોડધામ શરૂ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના પશુપાલકોમાં ચિંતાના માહોલ સર્જાયો છે. રાજ્યમાં ધીમે ધીમે લમ્પી વાયરસનો કહેર વધતો જાય છે અને આણંદના ઉમરેઠ સુધી પહોંચી ગયો છે. આ અંગેની જાણ થતાં પશુપાલન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ચેપગ્રસ્ત પશુને તુરંત જ અલગ કરીને તેમની સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત આણંદમાં પણ પશુને લમ્પી વાયરસ થયાની ફરિયાદ મળી હતી. જે ફરિયાદ આધારે પશુપાલન વિભાગે સ્થળ તપાસ કરવા ચક્રોગતિમાન કર્યાં હતાં. અલબત્ત, આણંદમાં કેટલા કેસ નોંધાયાં ? તે બાબતે પશુપાલન વિભાગ હજુ અંધારામાં છે. આમ છતાં વેક્સિનેસરની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લો પશુપાલન ક્ષેત્રે આગળ પડતાં છે. પશુઓમાં થતાં રોગ દેખાય તે સમયે પશુપાલકોની આજીવીકા પર પ્રશ્નાર્થ સર્જાય છે. હાલ તહેવારના દિવસો શરૂ થયા છે. આવા સમયે લમ્પી વાયરસના કારણે પશુપાલન વ્યવસાયને ફટકો પડે તેવી શક્યતા ઉભી થઇ છે. આથી, પશુમાં લમ્પી રોગ જણાય તો પશુપાલકોને તુરંત જ ટોલ ફ્રી નં. 1962 પર સંપર્ક કરવા અથવા નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરવા ભલામણ કરવામાં આવી છે.

આણંદમાં 1.89 લાખ પશુનું વેક્સીનેશન કરાયું

આણંદ જિલ્લામાં પશુપાલન વિભાગ દ્વારા લમ્પી વાયરસને લઇ વેક્સીનેશનની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી છે. જેમાં અત્યાર સુધીમાં 1.89 લાખ પશુને રસી આપવામાં આવી છે. આ ઉપરાંત પશુપાલકોને લમ્પી વાયરસ વધુ ન ફેલાય અથવા નુકશાન ટાળવા માટે સમયસર રસીકરણ કરવા તાકીદ કરવામાં આવી છે.

લમ્પી વાયરસ ડીસીઝ શું છે ?

- **એલએસડીએ** એક વાયરસ રોગ છે, જે પશુમાં જોવા મળે છે.
- **તાવ**, ચામડીની ગાંઠો અને વિસ્તૃત લસિકા ગાંઠો જોવા મળે છે.
- **માખી,** મચ્છર અને જીવાત જેવા જંતુઓના કરડવાથી ફેલાય છે.
- **પશુનુ** દૂધ ઉત્પાદન ઘટે છે, ચામડીને નુકશાન થાય છે.

વિદ્યાનગરમાં ડ્રીમ ઇમીગ્રેશન નામની ઓફિસ ખોલી ત્રણ ગઠિયાએ ખેલ પાડ્યો

આણંદના યુવક સાથે કેનેડાના વર્ક વિઝા અપાવવાના નામે ઠગાઈ

બોગસ લેટર બતાવી નાણા ખંખેર્યાં, ભાંડો ફુટતા મામલો પોલીસ મથકે પહોંચ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.8

વલ્લભ વિદ્યાનગરના સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે આવેલા વાસુદેવ કોમ્પ્લેક્સમાં ડ્રીમ ઈમીગ્રેશન નામની ઓફિસ ખોલી 3 ગઠિયાએ વિદેશ વાંચ્છુ સાથે રૂ.50 લાખની છેતરપિંડી આચરી હતી. આ ત્રણેય શખ્સે બોગસ લેટર બનાવી નાણા ખંખેર્યાં હતાં. આ અંગે વિદ્યાનગર પોલીસે ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો.

આણંદના લાંભવેલ રોડ પર આવેલી વિશ્વાસ સોસાયટીમાં રહેતાં ઉમેશકુમાર ભાઈલાલ ઝાલાએ એક વર્ષ પહેલા કેનેડા નોકરી કરવાનું નક્કી કર્યું હતું. આથી, વિઝા લેવા માટે વિદ્યાનગરના વાસુદેવ કોમ્પ્લેક્સમાં આવેલી ડ્રીમ ઈમીગ્રેશન પર 3જી મે,2024ના રોજ પહોંચ્યાં હતાં. આ સમયે બ્રિજેશ સંજયભાઈ પટેલ (રહે. હરિઓમનગર, વિદ્યાનગર) સાથે ઔપચારિક વાતચીત બાદ જરૂરી દસ્તાવેજો લીધાં હતાં અને બીજા દિવસે તેમની કેનેડા ઓફિસ પર મોકલ્યાં હોવાનું જણાવ્યું હતું. એક સપ્તાહ બાદ બ્રિજેશે ફોન કરી ઉમેશકુમારને ઓફિસે બોલાવ્યાં હતાં. જ્યાં ઓફિસમાં બ્રિજેશ ઉપરાંત તેમના માતા કિરણબહેન હાજર હતાં. આ સમયે બ્રિજેશે જણાવ્યું હતું કે, કેનેડામાં આવેલા આલ્બાર્ટા સ્ટેટમાં એડમીન્ટન સીટીમાં આવેલા સેટકોસ ઈન્ફાટેક નામની કંપનીમાં કન્સ્ટ્રકશન સુપરવાઈઝરની નોકરી નક્કી થાય તેમ છે. તમને કલાકના 42.50 કેનેડીયન ડોલર વેતન મળશે. ત્રણ વર્ષ માટેના વર્ક પરમીટ કરી આપવાની વાત કરી હતી. આ કંપનીમાં નોકરી કરવા સાથે બે દિકરા અને પત્નીના વિઝાનું પણ કામ કરી આપવા જણાવી વિશ્વાસમાં લીધાં હતા અને આ કામ પેટે રૂ.40 લાખ ફિ માંગી હતી. જોકે, ઉમેશકુમારને ફિ વધુ લાગતા રૂ.38 લાખમાં ઉમેશભાઈના પરિવારને વિઝાનું કામ કરી આપવા જણાવ્યું હતું. આ ચર્ચા બાદ પ્રથમ રૂ.12 લાખ, દસ્તાવેજો માંગ્યાં હતાં. સેવીંગ્સ એકાઉન્ટમાં રૂ.16 લાખ બેલેન્સ રાખવા જણાવ્યું હતું. આથી, ઉમેશભાઈએ રૂ.12 લાખ આપતા સમયે સિક્યુરીટી પેટે ચેક માંગતા તેમના માતા કિરણબહેને ચેક આપ્યો હતો અને નોટરી લખાણ કરાવ્યું હતું. બાદમાં વિઝા વિઝા મંજુર થઇ ગયા છે, તેનો ઈ-મેઈલ બતાવી રૂ.26 લાખ માંગ્યાં હતાં. જે 24મી ડિસેમ્બર,2024ના રોજ ચુકવી આપ્યાં હતાં. આ ઘટના બાદ બ્રિજેશના પિતાનું અવસાન થતાં તેઓ કેનેડા જતાં રહ્યાં હતાં એ ત્યાંથી ફોન કરી જણાવ્યું હતું કે, તમારા વિઝા સ્ટેમ્પ વાળો પાસપોર્ટ તથા લેન્ડીંગ લેટર અમારી ઓફિસ પર આવી ગયા છે. તમારા વિઝા પાછળ વધારાનો ખર્ચ થયો છે, જે ખર્ચ પેટે તમારે વધારાના બીજા રૂ. 12 લાખ આપવા પડશે. આ સાથે સિક્યુરીટી પેટે આપેલા ચેક પરત માગ્યાં હતાં. જે ભાગીદાર દર્શીલ કેતનકુમાર પટેલ (રહે. હરિઓમનગર, વિદ્યાનગર)ને આપી દેજો. તેમ જણાવ્યું હતું. આથી, ઉમેશકુમારે ના છુટકે વિઝા ફિ નક્કી થઇ હતી તે ઉપરાંત રૂ. 12 લાખ અને સિક્યુરીટી પેટેના લીધેલા ચેક 17મી જાન્યુઆરી, 2025ના રોજ ઓફિસે આપ્યાં હતાં. જેથી દર્શીલે પાસપોર્ટ તથા કંપનીનો લેન્ડીંગ લેટર આપ્યો હતો. જેથી ઉમેશકુમારે કેનેડાની ટીકીટ બુક કરાવી 11મી ફેબ્રુઆરી, 2025ના રોજ કેનેડા ગયાં હતાં.

આથી, ઉમેશકુમારે તપાસ કરતાં લેટર બોગસ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આ અંગે આણંદ આવી ઓફિસ પર જતાં તે બંધ થઈ ગઇ હતી. દર્શીલ પણ કેનેડા જતો રહ્યો હતો. આખરે આ અંગે વિદ્યાનગર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે બ્રિજેશ સંજય પટેલ, કિરણબહેન સંજય પટેલ અને દર્શીલ કેતન પટેલ (રહે. તમામ હરિઓમનગર, વિદ્યાનગર) સામે ગુનો નોંધ્યો હતો.

કેનેડામાં ગોળગોળ ફેરવી બોગસ લેટર આપ્યો

કેનેડા પહોંચ્યા બાદ બ્રિજેશનો કોઇ એજન્ટ લેવા આવ્યો હતો. જે એકાદ સપ્તાહ વાતાવરણમાં સેટ થઇ જાવ પછી નોકરી ચાલુ કરી દેજો. તેમ જણાવ્યું હતું. એક સપ્તાહ બાદ કેનેડામાં કંપનીના દર્શાવેલ સ્થળ પર તપાસ કરતાં રહેણાંક મકાન જોવા મળ્યું હતું. અહીં કોઇ કંપની ન હતી. આમ, ખોટું લાગતાં બ્રિજેશનો સંપર્ક કર્યો હતો. પરંતુ બ્રિજેશે બે મહિના સુધી ગોળ ગોળ વાતો કરી સમય પસાર કર્યો હતો. આખરે કેનેડાની કંપનીનો એલએમઆઈએ લેટર મોબાઇલ પર મોકલી આપ્યો હતો. પરંતુ તેમાં ભુલ છે, તેમ જણાવી ફરી બીજો મોકલ્યો હતો. પરંતુ બે કંપનીનું સરનામું એક જ હોય જેથી સમાન નામવાળા તથા એક જ સરનામાવાળા બે અલગ અલગ એલએમઆઈ લેટર મળતાં શંકા ઉપજી હતી. જેમા તપાસ કરતાં ભાંડો ફુટ્યો હતો.

આણંદ અમૂલની મતદારયાદીના 61 જેટલા વાંધાનું હિયરીંગ પૂર્ણ

પ્રાંત અધિકારી દ્વારા 11મીએ તમામના આખરી નિર્ણય આપવામાં આવશે

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદની અમૂલ ડેરીની ચૂંટણી પહેલા મતદારયાદીને લઈને જ અનેક વિવાદ સર્જાયા છે. આ વખતે મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ પહેલા જ 61 જેટલા વાંધા રજુ કરાયાં હતાં. જેની પ્રાંત અધિકારી દ્વારા શુક્રવારના રોજ તમામનું હિયરીંગ પૂર્ણ કરવામાં આવ્યું હતું. જેનો આખરી નિર્ણય 11મીએ થશે અને 12મીએ આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે. હાલ આ દરેક નેતાઓની નજર મતદાર યાદી

પર મંડાયેલી છે.

આણંદ અમૂલ ડેરીની ચૂંટણી પહેલા મતદારયાદીને લઈને રાજકીય કાવાદાવા શરૂ થઈ ગયાં છે. આ મતદારયાદીમાં કુલ 61 વાંધા અરજી આવી છે. જેનું હિયરીંગ ડે ટુ ડે રાખવામાં આવી રહી હતી. જે શુક્રવારના રોજ પૂર્ણ થયું છે. આ મતદારયાદીની કામગીરી આણંદ પ્રાંતને સોંપવામાં આવી છે. 12મી ઓગષ્ટના રોજ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ છે. આ મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ સહકારી આગેવાનો ચૂંટણી જીતવા કામે લાગી જશે. પરંતુ 61 વાધા અરજીના આખરી નિર્ણયની રાહ જોવાઇ રહી છે. જે 11મીના રોજ જાહેર કરવામાં આવશે. આ વાંધામાં મોટા ભાગે નામ કમી કરવા, નામ ઉમેરવા માટે છે. જ્યારે કેટલીક નામ સુધારવા માટે પણ વાંધા અરજી આપવામાં આવી છે.

વિદ્યાનગરમાં દંપતી સાથે ₹ 23 લાખની છેતરપિંડી

ભરૂચના દંપતીને સ્ટુડન્ટ વિઝાનું કહી રૂ.23.25 લાખ લીધા

(પ્રતિનિધિ) આણંદ, તા.8

વિદ્યાનગરમાં રહેતા મહિલા સહિત ચાર ગઠિયાએ ભરૂચના દંપતી સાથે ઠગાઇ કરી હતી.

ભરૂચના ઝઘડીયામાં રહેતા પિનેશકુમાર હરેશભાઈ પટેલ વર્ષ 2022માં જીટોડીયા ગામના ચેહર માતાના મંદિરે દર્શ કરવા આવ્યાં હતાં. આ સમયે તેનું ઓળખાણ તરુલત્તાબહેન અંબાલાલ પરમાર (રહે. મહાદેવ વિસ્તાર, વિદ્યાનગર) સાથે થઇ હતી. આ વાતચીતમાં તરુલત્તાબહેને પોતે સ્ટુડન્ટ વિઝાને લગતું કામ કરતાં હોવાનું જણાવ્યું હતું. આથી, પિનેશકુમારે તેના પત્ની પિનલબહેનને યુકેમાં સ્ટુડન્ટ વિઝા ઉપર જવાનું હોવાનું કહેતા રૂ.25 લાખની ફિ નક્કી કરી હતી. આથી, દસ્તાવેજો અને રૂ.22.90 લાખ આપ્યાં હતાં. પરંતુ તરુલત્તાબહેને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ડિગ્રી યુકેમાં માન્ય નથી. તેમ કહી સ્ટુડન્ટ વિઝા નહીં મળે તેમ જણાવ્યું હતું. જોકે, વર્ક પરમીટ વિઝા પર પિનેશકુમારને મોકલવા વાત કરી હતી. જેના રૂ. 22 લાખ નક્કી કર્યાં હતાં. જેથી જૂન,2024માં રૂ.35 હજાર આપ્યાં હતાં. જોકે, વર્ક પરમીટનું પણ કામ થયું નહતું. આખરે પિનેશકુમારે નાણાં પરત માંગતાં તેઓએ આપ્યાં નહતા અને વિશ્વાસઘાત કર્યો હતો.

આ અંગે પિનેશકુમારે વિદ્યાનગર પોલીસ મથકે તરુલત્તા અંબાલાલ પરમાર, ગણપત, ધ્રુવેશ દરજી અને માનસી બુચ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકીંગ કરાયું

આણંદના એલિકોન સર્કલ ખાતે ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કેટલાક વાહન ચાલકો પોતાની ફોર વ્હીલ ગાડીમાં કાચ ઉપર બ્લેક ફિલ્મ લગાવી મુસાફરી કરતા ઝડપાઈ ગયાં હતાં. આવી તમામ ફોરવ્હીલ ગાડીઓને સાઈડમાં ઊભી રખાવી તમામ કાર ઉપરથી સ્થળ ઉપરથી બ્લેક ફિલ્મ કાઢવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ બ્લેક ફિલ્મ બાબતે ડ્રાઇવ રાખી કાર્યવાહી કરવામાં આવશે.

કપડવંજના સાલોડ ગામ પાસે નહેરમાં ખાબકેલી કાર મળી: ડ્રાયવર લાપત્તા

સાલોડ નજીક નર્મદા કેનાલમાં ખાબકેલી કાર 20 કલાક બાદ મળી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

કપડવંજ તાલુકાના સાલોડ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ગુરુવારની સાંજે એક ઈકો કાર ખાબકી હતી. ઘટના બાદ ફાયરબ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓએ શોધખોળ શરૂ કરી હતી, પરંતુ મોડી રાત સુધી કાર કે તેના ચાલકનો કોઈ પત્તો લાગ્યો નહોતો. આજે, શુક્રવારે, 20 કલાકની જહેમત બાદ કાર મળી આવી છે, પરંતુ કાર ચાલક હજુ પણ લાપતા છે.

કપડવંજના સાલોડ ગામ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં ગુરુવારે સાંજે એક ઈકો કાર નં GJ 18 BT 7619 ખાબકવાની ઘટના બની હતી. પાણીના તેજ પ્રવાહમાં કાર ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ કપડવંજ ફાયરબ્રિગેડના જવાનો, સ્થાનિક તરવૈયાઓ અને પોલીસ તથા વહીવટી તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તરત જ શોધખોળ શરૂ કરી હતી. મોડી રાત સુધી સતત શોધખોળ કરવા છતાં કાર કે કાર ચાલકનો કોઈ પત્તો મળ્યો ન હતો. દરમિયાન, શુક્રવારે સવારે ફરીથી શોધખોળ હાથ ધરવામાં આવી હતી, અને લગભગ 20 કલાકની મહેનત બાદ નહેરના ઊંડા પાણીમાંથી આ ઈકો કાર મળી આવી હતી, જેને રસ્સા વડે બહાર કાઢવામાં આવી હતી. જોકે, કાર ચાલક શંકરભાઈ પુરોહિત (ઉમર 43), જેઓ મૂળ રાજસ્થાનના છે અને સાલોડ સીમ વિસ્તારમાં આવેલી સિમેન્ટના બ્લોક બનાવતી કંપનીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા, તેઓ હજુ પણ લાપતા છે.

આ અંગે પોલીસના જણાવ્યા મુજબ, કારમાં ચાલક એકલો જ હોવાનું મનાય છે. હાલમાં, કપડવંજ ફાયરબ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓની ટુકડીઓ નહેરના પાણીમાં કાર ચાલકની શોધખોળ કરી રહી છે.

નડિયાદમાં તલવારથી કેક કાપતા યુવકની ધરપકડ

ગેરકાયદેસર શસ્ત્ર પ્રદર્શન અને જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

નડિયાદના વિકાસ આહીર(યાદવ)નો જન્મદિવસ હતો, જેની ઉજવણી માટે એક પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી દરમિયાન, જન્મદિવસની કેક કાપવા માટે તલવારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેનો વીડિયો વાયરલ થયો અને આ વાયરલ થયેલા વિડીયોમાં વિકાસ આહીર તલવાર વડે કેક કાપતો અને બાદમાં તલવાર હવામાં રાખી રોફ જમાવે છે. આ ઉપરાંત, તેના એક મિત્ર પ્રદીપકુમાર ઉર્ફે પપ્પુ દીલીપભાઈ વાઘેલા (રહે. ખાડ)

હોવાનું જાણવા મળ્યું છે, તે પણ તલવારથી હવાબાજી કરતો દેખાય છે, જ્યારે સચિન દરબાર નામના અન્ય યુવાનના હાથમાં તલવારનું મ્યાન જોવા મળે છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો બનાવીને સોશિયલ મીડિયા પર મૂકવામાં આવ્યો હતો, જે બાદમાં વાયરલ થયો હતો. જાહેર સ્થળે આ પ્રકારના હથિયારનું પ્રદર્શન કરવામાં આવતા ગંભીરતાથી લઈને, જાહેરનામાનો ભંગ અને ગેરકાયદેસર રીતે શસ્ત્ર રાખવા બદલ કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી અટક કરવામાં આવી હતી.

ગૌવંશને ક્રૂરતાપૂર્વક બાંધી કતલ કરવામાં 3 આરોપીને 7 વર્ષની જેલ

નડિયાદની કોર્ટે દરેક આરોપીને 1-1 લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

મહેમદાવાદના વણસોલીમાં ગૌવંશ કતલમાં પકડાયેલા 3 શખ્સને સાત વર્ષની કેદનો હુકમ કરવામાં આવ્યો છે.

મહેમદાવાદના વણસોલી ગામની સીમમાં 29/09/2021ના રોજ બપોરે 12:30 વાગ્યે, આરોપીઓ વસીમઅકરમ નજીરહુસેન મલેક, મહંમદસકીલ મહંમદ રફીક મલેક અને વાહીદ હુસેન ગનીમિયા મલેક, જેઓ બધા મહુધાના રહેવાસી છે, તેઓ એક છોટા હાથી ગાડી (નં. GJ-07-VW-3658) માં બે દેશી ગાયોને ખીચોખીચ અને ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જઈ રહ્યા હતા. આ ગાયો માટે કોઈ ઘાસચારો કે પાણીની વ્યવસ્થા કરવામાં આવી ન હતી. આ ત્રણેય આરોપીઓ કતલખાને લઈ જવાના ઈરાદે વગર પાસ પરમિટે ગૌવંશની હેરફેર કરી રહ્યા હતા અને એક ઈક્કો ગાડી (નં. GJ-07-BC-3987) દ્વારા પાયલોટિંગ પણ કરી રહ્યા હતા. આ કેસમાં 1,55,000 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસનું ચાર્જશીટ થયા બાદ, સેશન્સ કેસ નં. 35/2022 તરીકે ખેડા જિલ્લાના ત્રીજા એડિશનલ સેશન્સ જજ પી.પી. પુરોહિતની કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ધર્મેન્દ્ર સી. પ્રજાપતિ દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવા અને મૌખિક જુબાનીઓને ધ્યાનમાં રાખીને, કોર્ટે ત્રણેય આરોપીઓને પશુ સંરક્ષણ ધારા હેઠળ દોષિત ઠેરવીને 7 વર્ષની સખત કેદની સજા અને 1-1 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

૯ ઓગષ્ટ ૨૦૨૫ 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ" દ્વારા ઘોષિત

વિશ્વ આદિવાસી દિવસ

સ્વ. પૂ. અમૃતલાલ વી. ઠક્કર (ઠક્કર બાપા)

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO) દ્વારા આખા વિશ્વએ જ્યારે આદિવાસી સમાજની નોંધ લઈ '9"મી ઓગસ્ટ"ને "વિશ્વ આદિવાસી દિવસ" તરીકે માન્યતા આપી જાહેર કરવામાં આવેલ છે. જે આદિવાસી સમાજ માટે ગૌરવની વાત છે. આ નિમિતે ભીલ સેવા મંડળ દાહોદ પરિવાર સમગ્ર ભારત વર્ષમાં વસવાટ કરતા આદિવાસીઓ, હરિજન બંધુઓ અને અન્ય નબળા વર્ગોના ભાઈ-બહેનોને શુભ સુખ, શાંતિ, સમૃદ્ધિનો સંદેશ પાઠવે છે. સને 1922માં સ્વ. પૂજ્ય શ્રી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (ઠક્કરબાપા) એ ગુજરાતના દાહોદ ખાતે આદિવાસીઓ, હરિજન બંધુઓ અને અન્ય નબળા વર્ગોની શોષણ મુક્તિ, વ્યસન મુક્તિ, આર્થિક સદ્ધરતા, આરોગ્ય વિષયક દવાખાના અને અનેક શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ કરી કરાવીને આ વિસ્તારના ઉત્થાન માટે ભગીરથ કાર્ય માટે આદિવાસીઓના કલ્યાણનો પાયો નાખ્યો. આ બાબત આદિવાસી સમાજ માટે ગૌરવ સમાન રહી છે. આજે સમાજને તેનો લાભ મળ્યો છે.

આ અવસરે પૂ.શ્રી ઠક્કર બાપાને પણ વંદન કરી શિક્ષણના સંસ્કારથી સમાજને અને દેશ માટે ઉપયોગી બનીએ તેવી શુભ શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

શ્રી મુકેશભાઈ બી. પરમાર
મંત્રીશ્રી

શ્રી પરથીંગભાઈ એમ. મુનીયા
ઉપપ્રમુખ

શ્રી શાંતિલાલ વી. નિનામા
પ્રમુખશ્રી

પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટીશ્રી
શ્રી નરસિંહભાઈ કે. હઠીલા

સભ્યશ્રીઓ:-
શ્રી ચુનિલાલ કે. હઠીલા
શ્રી રમણભાઈ કે. હઠીલા

શ્રી રામુભાઈ ડી. રાઠોડ
શ્રી વાલચંદભાઈ કે. બિલવાળ
શ્રી નરસિંહભાઈ ડી. ડીંડોડ
આજીવન સભ્યો

રામ બાણ
ભીલ સેવા મંડળ, દાહોદ

તથા સમસ્ત ભીલ સેવા મંડળ પરિવાર, દાહોદ